Wednesday
19.04.2023
*Volume :7 * Issue No.260
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-



# નવસારી જિલ્લાના કસ્બાપાર ખાતે પૂર્ણા નદી પર રૂ.૧૧૦ કરોડના ખર્ચે ‘પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ’નું ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

## પૂર્ણા રેગ્યુલેટર પ્રોજેક્ટથી ૧૮ કિમી લંબાઈનું વિશાળ જળાશય બનશેઃ ૨૫૫૦ લાખ ઘન ફુટ મીઠા પાણીનો સંગ્રહ થશેઃ














કમલમ્ ન્યુઝ,નવસારી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના કસ્બાપાર ખાતે પૂર્ણા નદી પર રૂ.૧૧૦ કરોડના ખર્ચે ‘પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ’નું ખાતમુહૂર્ત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ’વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસની ઈમારત ‘પંચશક્તિ’ના પાયા પર રચેલી છે, જેના મીઠા ફળો રાજ્યની જનતાને મળી રહ્યા છે. પંચશક્તિ એટલે; ‘જળશક્તિ, ઊર્જાશક્તિ, જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ અને જનશક્તિ’ થકી જ ગુજરાત વિકાસની રાહમાં અગ્રેસર રહ્યું છે, ત્યારે રાજ્ય સરકારે જળશક્તિનો મહિમા કરીને તેને જનશક્તિ સાથે જોડી છે, જેના પરિણામે રાજ્યમાં પીવાના, ઘર વપરાશ અને સિંચાઈના પાણીની સમસ્યા ન રહે તે પ્રકારની નમૂનેદાર જળ વ્યવસ્થા ઉભી થઈ છે.’ મુખ્યમંત્રીશ્રીએ ’પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર યોજનાની ઈ-તકતીનું અનાવરણ અને પ્રોજેકટ સ્થળે ભૂમિપૂજન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ચીખલી ખાતે રૂા.૩૬ કરોડના ખર્ચ નિર્માણ થનાર ૧૦૦ બેડની સબડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને જલાલપોર તાલુકાના અબ્રામા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રૂા.૧૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું ખાતમુહુર્ત કરાયું હતું, સાથોસાથ ગણદેવી અમલસાડ માર્ગ પર ધમડાછા પાસે અંબિકા નદી ઉપર ડૂબાઉ પુલના સ્થાને રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂા.૩૯ કરોડના ખર્ચે નવનિર્મિત હાઈલેવલ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કસ્બાપાર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આયોજિત વિશાળ જનસમારોહને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં શ્રેણીબદ્ધ ચેકડેમ, બોરીબંધ, સુજલામ-સુફલામ અને અન્ય બહુહેતુક યોજનાઓ, કેનાલ અને પાઈપલાઈન નેટવર્ક, સૌની યોજના, ટાઈડલ પ્રોજેક્ટ્સ જેવા જળસંચય, જળસિંચનના આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ પૂર્ણા રેગ્યુલેટર પ્રોજેકટથી નવસારી શહેર અને આસપાસના ૨૧ ગામોની જનતાને થનારા માતબર લાભ અંગે હર્ષ વ્યક્ત કરતાં કહ્યુંકે, પ્રોજેકટથી ૧૮ કિમી લંબાઈનું વિશાળ જળાશય બનશે, જેમાં ૨૫૫૦ લાખ ઘન ફુટ મીઠા પાણીનો સંગ્રહ થશે. એટલું જ નહીં, આસપાસના ૨૧ ગામોની ૪૨૦૦ એકર જમીનને સિંચાઈનો ફાયદો થશે. દરિયાની ભરતીના પાણી નદીમાં પ્રવેશતાં અટકશે, જેના લીધે સપાટી પરની તેમજ ભૂગર્ભ જળની ખારાશ અને ખેતીલાયક ફળદ્રુપ જમીનને નુકસાન થતું અટકશે, સાથોસાથ અહીં મીઠા પાણીના વિશાળ સરોવર બનતા આસપાસની જમીનનું ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે એમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ પૂર્ણા નદીનું જળ નવસારી જિલ્લાના વિકાસનું અમૃત્ત બનશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ પાણીને વિકાસનો મુખ્ય આધાર ગણાવતા કહ્યું કે, રાજ્યમાં પીવાના કે સિચાઈના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે જળસંચય સહિત ભૂગર્ભ જળસ્તરને ઊંચા લાવવાનું સરકારનું લક્ષ્ય છે.

એક વર્ષ પહેલા બિલીમોરા પાસે કાવેરી નદી પર નિર્માણાધિન ‘વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર પ્રોજેક્ટ’ સમયબદ્ધ કામગીરીના કારણે પૂર્ણતાનાઆરે છે.‘જે વિકાસકામોનું ખાતમુહુર્ત કરીએ એનું સમયબદ્ધ લોકાર્પણ કરવું’ એવી વડાપ્રધાનશ્રીની આગવી કાર્યપ્રણાલીમાંથી પ્રેરણા મેળવીએ છીએ, વાઘરેચ ટાઈડલ તેની સાબિતી છે એમ તેમણે ગૌરવથી ઉમેર્યુ હતું. અમારી સરકાર માટે ‘કોમનમેન’ કેન્દ્ર સ્થાને છે એમ ગર્વભેર જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભૂતકાળમાં ગણ્યા ગાંઠ્યા લોકોને યોજનાકીય લાભો રાજ્યનો છેવાડાનો પ્રજાજન વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવા રાજ્ય સરકાર સતત સજાગ છે, સરકારની દ્રઢ ઈચ્છાશકિતના કારણે વિકાસકામો માટે નાણાકીય અછત સર્જાતી નથી. જ્ઞાતિ-જાતિ, ધર્મના ભેદના આધારે નહીં પણ નાગરિક ધર્મના આધારે સુશાસન આપવાનો સરકારનો હરહંમેશ પ્રયાસ રહ્યો છે તેની ભૂમિકા તેમણે આપી હતી. વડાપ્રધાનશ્રીએ દેશના પ્રત્યેક જિલ્લામાં ૭૫ અમૃત્ત સરોવરોનું નિર્માણ કરવાનું રચનાત્મક સૂચન કર્યુ હતું જેને અનુસરીને ગુજરાતમાં પણ ભાવિ પેઢીને જળનો સમૃદ્ધવારસો આપવાની નેમ સાથે પ્રત્યેક જિલ્લામાં ૭૫ અમૃત્ત સરોવરો બનાવવાની કામગીરી ઝડપભેર થઈ રહી હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ આવેળાએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સાંસદ શ્રી સી.આર.પાટીલની સેવાભાવનાને બિરદાવતા કહ્યુંકે, પ્રજાનાપ્રશ્નો પ્રત્યે જાગૃત્ત અને પ્રજાની સુખસુવિધાઓ વધારવા માટે સતત પ્રવૃત્ત જનપ્રતિનિધિ સી. આર. પાટીલ કર્મશીલતાનું ઉત્તમ ઉદાહરણ છે. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં દર વર્ષે મેઘરાજાની અચૂક મહેર રહે છે, પણ દરિયાઈ ખારાશ આગળ વધતા મીઠા પાણી, અને સિંચાઈની સમસ્યાઓ ઉદભવે છે. ચોમાસામાં ભરતીના કારણે નવસારી શહેર તેમજ આજુબાજુના કાંઠા વિસ્તારના ગામોમાં દરિયાઈ ખારાશ આવતી અટકાવવાની આ સરકારે ચિંતા કરી છે. લોકોની સુખાકારીના કામો કરવા માટે રાજ્ય સરકાર હંમેશા તત્પર છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે નવસારી જિલ્લાની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી સ્થાનિક વિસ્તારની જનતાના વિશાળ હિતમાં આ પ્રોજેકટ હાથમાં લીધો છે અને સ્થાનિક જનતાની લાગણી અને માંગણીઓને વાચા આપી છે, જેનો લાભ મળતા લોકોની પાણીની સમસ્યાઓ ભૂતકાળ બની જશે. આ ડેમ બનવાથી ૧૮ કિલોમીટર વિસ્તારમાં આવતા





ગામોમાં પીવાનું શુદ્ધ પાણી મળશે. શ્રી પાટીલે કહ્યુ કે, નવસારી જિલ્લામાં રૂ. ૭૦ હજાર કરોડના ખર્ચે સાકાર થનાર પી.એમ. મિત્રા મેગા ટેકસટાઈલ પાર્ક યોજના નવસારીની કાયાપલટ કરશે. વિકાસની નવી દિશા ખૂલતાં નવસારી જિલ્લાના યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઉભા થશે. પ્રારંભે જળસંપત્તિ વિભાગના સચિવશ્રી કે.એ.પટેલે સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમ અને વિકાસકામોની રૂપરેખા આપી હતી. મુખ્ય ઈજનેર (દ.ગુજરાત) અને જળસંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ, ગાંધીનગરના અધિક સચિવશ્રી એમ.આર.પટેલે આભારવિધિ આટોપી હતી. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિર, ધારાસભ્ય સર્વશ્રી રાકેશભાઈ દેસાઈ, નરેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી અમિતપ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, જિલ્લા પક્ષ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, પદાધિકારીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## તંત્રી સ્થાનેથી......

શહેરની આદિક્યુરા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે મંગળવારના રોજ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ માહિતી ખાતાના કર્મીઓ તેમજ તેમના પરિવાર માટે રોટરી કલબ ઓફ વડોદરા વન દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ કેમ્પનું ઉદ્ઘાટન જિલ્લા સમાહર્તા શ્રી અતુલ ગોર દ્વારા દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના વર્ષ ૨૦૨૩-૨૪ ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિહિર દવે, રોટરી કલબ ઓફ વડોદરા વન ના પ્રેસિડેન્ટ સીએ નયન કોઠારી, સેક્રેટરી જોત સિંઘ, આદિક્યુરા હોસ્પિટલના ચેરમેન ડો.વિજય ઠાકોર, સંયુક્ત માહિતી નિયામક શ્રી હેતલ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૧૦ થી બપોરે ૨ કલાક દરમિયાન યોજાયેલ આ કેમ્પમાં જેતલપુર સ્થિત આદિક્યુરા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના તજજ્ઞ તબીબો દ્વારા માધ્યમ કર્મીઓ અને એમના પરિજનોના સ્વાસ્થ્યની સઘન તપાસણી હાથ ધરાઈ હતી. કેમ્પમાં સેવા આપી રહેલા તબીબો અને માધ્યમકર્મીઓના પરિજનો સાથે જિલ્લા કલેક્ટર શ્રીએ સંવાદ સાધ્યો હતો.

## સોમનાથ ખાતે તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શનનો આરંભ



કમલમ્ ન્યુઝ,ગીર સોમનાથ

તમિલ સંગમ કાર્યક્રમ' અંતર્ગત હેન્ડલૂમ અને હેન્ડીક્રાફટ પ્રદર્શન યોજવામાં આવ્યું છે, જેમાં ભારત સરકારના કપડા મંત્રાલય અંતર્ગતના હેન્ડલૂમ અને હેન્ડીક્રાફટ ડેવલપમેન્ટ કમિશનર અને નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા હાથશાળ અને વણાટના વિવિધ યંત્રો સાથે પ્રદર્શન અને વિવિધ કારીગરો માટે વેચાણ માટેના સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં હેન્ડીક્રાફટ અંતર્ગત કચ્છ એમ્બ્રોડરી, તમિલ કલમકારી, એપ્લિક વર્ક, વુડન આર્ટ વગેરેનું પ્રદર્શન તેમજ હેન્ડલૂમ અંતર્ગત પટોળા વણાટ, હાથ વણાટની નાની અને મોટી લૂમ સાથે લાઈવ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. આ એક્સપોમાં તમિલ અને ગુજરાતી હસ્તકલાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે. લગભગ ૬૦ જેટલા વિવિધ સ્ટોલમાંથી કારીગરો પાસેથી વસ્ત્રો અને અન્ય ઉત્પાદનોની ખરીદી પણ કરી શકશે. મુળ સૌરાષ્ટ્રના તમિલ બાંધવો આ સ્ટોલની મુલાકાત લઈને રસપૂર્વક માહિતી મેળવી રહ્યા છે.

## ખેરગામની દિકરીએ ડાંગના વિદ્યાર્થીઓના વિષયે મહાશોધ નિબંધ રજૂ કર્યો

### આદિવાસી સમાજની દીકરીએ પી.એચ.ડી.ની પદવી મેળવી સમાજનું ગૌરવ વધાર્યું



કમલમ્ ન્યુઝ,આહવા

નવસારી જિલ્લાના ખેરગામની વતની ધર્મિષ્ઠાબેન ભરતભાઈ પટેલે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના એજ્યુકેશન વિષયમાં A STUDY OF SELF REGULATION AND MOTIVATION OFSTUDENTS OFHIGHER SECONDERY SCHOOL OF DANG DISTRICT શિર્ષક હેઠળ પ્રસ્તુત કરેલા મહાશોધ નિબંધને સ્વીકારી, પી.એચ.ડી. ની પદવી એનાયત કરવામાઆવી છે. ધર્મિષ્ઠા પટેલે એમનો મહાશોધ નિબંધ મોડાસા તાલુકાના બી.ડી.શાહ કોલેજ ઓફ એજ્યુકેશનના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. ચંદ્રેશ એચ. રાઠોડના માર્ગદર્શન તથા પૂર્વ માર્ગદર્શક સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક ઓફ એજ્યુકેશન કોલેજ, મહેસાણાના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રશાંત બી. પરિહારના માર્ગદર્શનમાં તૈયાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ધર્મિષ્ઠા પટેલના પાંચ જેટલાપુસ્તકો અને પાંચ જેટલા સંશોધન પેપરો પ્રકાશિત થઈ ચૂકયા છે. આ તબક્કે મિત્ર મંડળનો પણ અમૂલ્ય ફાળો રહયો છે.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ- ઉત્સવ સમન્વયનો, ઉત્સવ પરંપરાનો

### પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથના દર્શન, સંધ્યા આરતી કરી ધન્યતા અનુભવતા મદુરાઈથી આવેલ તમિલ બાંધવો

**ખાસ અંગ્રેજી ભાષામાં તૈયાર કરાયેલ લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ રસપૂર્વક માણ્યો**



કમલમ્ ન્યુઝ, સોમનાથ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને સાકાર કરતો ગુજરાત અને તામિલનાડુની સંસ્કૃતિનો અદભૂત સમન્વય "સૌરાષ્ટ્ર તમિલ સંગમ" સોમનાથની ભૂમિ પર યોજાઈ રહ્યો છે ત્યારે પહેલા દિવસે મદુરાઈથી આવેલ તમિલ બંધુઓ અને ભગીનીઓએ સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી ખાસ વ્યવસ્થા અનુસાર બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથના દર્શન તેમજ સંધ્યા આરતી કરી ધન્યતા અનુભવી હતી. સોમનાથ મંદિરમાં યાત્રિકોએ કપર્દી વિનાયક ગણપતિજી મંદિર તથા કષ્ટભંજન હનુમાન મંદિરના દર્શન કરી દેવાધિદેવ મહાદેવના દર્શન કર્યા હતા. જે પછી લાઈટ એન્ડ સાઉન્ડ શો પેવેલિયન ખાતે સ્કિન પર સોમનાથ મહાદેવની આરતીના દર્શન કરી અભિભૂત થયા હતા તેમજ સ્કિન પર સોમનાથના ઈતિહાસને ઉજાગર કરતી ટૂંકી ફિલ્મ પણ નિહાળી હતી.

## સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત સોમનાથ ખાતે રેતી શિલ્પ મહા મહોત્સવનું આયોજન

### સૌરાષ્ટ્ર તમિલ સંગમનું લોગો શિલ્પ, ભગવાન ગણેશ, જી-૨૦, નટરાજનું શિલ્પ બન્યા આકર્ષણનું કેન્દ્ર

**દરિયાઈ વિસ્તારના ૩૪ જેટલા કલાકારોએ ભાગ લઈ ઉત્તમ કૃતિઓનું કર્યું સર્જન**



કમલમ્ ન્યુઝ, સોમનાથ

સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહના વરદહસ્તે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર તમિલ સંગમમ કાર્યક્રમનો ભવ્ય શુભારંભ થયો હતો. તા. ૩૦ એપ્રિલ સુધી ચાલનારા આ મહોત્સવમાં બીચ સ્પોર્ટસ, હસ્તકલા, લાઈટ એન્ડ સાઉન્ડ શો જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાતરાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રેતી શિલ્પ મહા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રેતી શિલ્પ મહા મહોત્સવના આયોજન અંગેની જાણકારી આપતા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સચિવશ્રી ટી.આર દેસાઈએ જણાવ્યું હતું કે, લલિતકલા અકાદમી દ્વારા ગુજરાતના કલાકારોને વિશેષ પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. રેતી શિલ્પ જે પૈકીની એક પ્રવૃત્તિ છે. સૌરાષ્ટ્રના દરિયાઈ વિસ્તારોમાં આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. પોરબંદરના માધવપુરના મેળામાં, દ્વારકા અને સોમનાથમાં અગાઉ આ મહોત્સવની ઉજવણી કરી છે. દરિયાઈ વિસ્તારના ૩૪ જેટલા કલાકારોએ આ મહોત્સવમાં ભાગ લઈ ઉત્તમ કૃતિઓનું સર્જન કર્યું છે. જે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમનું લોગો શિલ્પ, ભગવાન ગણેશ, જી-૨૦, નટરાજ એવા અલગ અલગ ૧૫ જેટલા શિલ્પો વિવિધ કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. શિલ્પ બનાવવામાં ૩ થી ૪ દિવસ જેટલો સમયગાળો લાગ્યો હતો. આ ઉત્સવ શરૂ થયાના બે દિવસ અગાઉ આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આવા શિલ્પ મહોત્સવના કાર્યક્રમો દરિયાઈ વિસ્તારોમાં થતા રહેવા જોઈએ, જેથી દરિયાઈ વિસ્તારના રેતી શિલ્પ કલાકારોને વિશેષ પ્રોત્સાહન મળે છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરના રહેવાસી અને જામનગર આર્મીમાં ફરજ બજાવતા અભિજીત મગદુમ જણાવે છે કે, હું આજે સોમનાથ મહાદેવના દર્શને આવ્યો છું. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત જે રેતી શિલ્પ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તે ખૂબ જ સરસ કાર્ય છે. આ મહોત્સવની અંદર ભગવાન શિવ, ગણપતિના લોગો વાળા અલગ અલગ શિલ્પો તૈયાર કરવામાં આવ્યા છે. જે ખૂબ જ રસપ્રદ છે.



## તાપી જિલ્લાની આઈસીડીએસ વિભાગ હેઠળ પોષણ અભિયાન અંતર્ગત મુખ્યસેવિકાઓ દ્વારા ગૃહ મુલાકાત યોજવામાં આવી

### સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીઓને પુરક પોષણ અંગે તથા પરિવારજનોને પોષણના મહત્વ અંગે જાગૃત કરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,સમીર શાહ

તાપી તા.૧૮ તાપી જિલ્લા પંચાયત આઈસીડીએસ કચેરી દ્વારા ૬ માસ થી ૬ વર્ષના બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી, ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને પુરક પોષણ લાભ આપવામાં આવે છે આ કામગીરીના ભાગરૂપે કુપોષિત બાળકોની દર માસે મુખ્ય સેવિકાઓ દ્વારા ૪ વખત ગૃહ મુલાકાત કરવામાં આવે છે. તાજેતરમાં તાપી જિલ્લાના આઈસીડીએસ વિભાગ હેઠળ પોષણ અભિયાન અંતર્ગત મુખ્યસેવિકાઓ દ્વારા ગૃહ મુલાકાત યોજવામાં આવી હતી. આ મુલાકાર દરમિયાન કુપોષિત બાળકો માટે પરિવારજનોને પોષણયુકત ખોરાક અંગેની સમજ આપવામાં આવી જેથી બાળક તદુસ્ત બને. કુપોષિત બાળકો સ્વચ્છતા અંગે સમજ આપવામાં આવી, જેથી કોઈ ગંભીર બિમારીનો ભોગ ન બને. કુપોષિત બાળકોની મુલાકાત દરમ્યાન બાળકોના વાલીઓ સાથે પરામર્સ પણ કરવામાં આવ્યો હતો. જેમાં બાળકને CMTC કેન્દ્રમાં દાખલ કરવાઅંગે અને બાળકને કુપોષણથી બાહાર લાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત મુખ્યસેવીકાઓ દ્વારા જોખમી સગર્ભા માતાની દર માસે ૩ ગૃહમુલાકાત કરવામાં આવે છે. જેમાં સગર્ભા માતા સપુર્ણ ખોરાક લેવા અંગે અને સગર્ભાનું સ્વાથ્ય સારુ રહે અને આવનાર બાળક કુપોષણનો ભોગ ના બને તે અંગે તકેદારી રાખવા ખાસ સમજ કેળવવામાં આવે છે. વધુમાં સગર્ભામાતા સરકારી સેવાનો લાભ લે તથા આંગણવાડી દ્વારા આપવામાં આવતી સહાયનો લાભ લેવા અંગે પ્રેરિત કરવામાં આવે છે. નોંધનિય છે કે, તાપી જિલ્લામાં જોખમી સગર્ભા ધરાવતી ૩૭૯ મહિલાઓ અને કુલ ૬૬૩ કુપોષિત બાળકો છે. તાપી જિલ્લામાં પોષણનો સ્તર વધારવા અને કુપોષણ નાબુદ કરવા પ્રોગ્રામ ઓફિસર તન્વી પટેલના નેતૃત્વ હેઠળ આંગણવાડીના બાળકોને દત્તક લેવા "પોષક વાલી" પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવેલ છે.

## સોમનાથ ખાતે 'તમિલ સંગમ કાર્યક્રમ' અંતર્ગત એજ્યુકેશન એકઝીબિશનનો પ્રારંભ



કમલમ્ ન્યુઝ,સોમનાથ

સોમનાથ ખાતે 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' કાર્યક્રમ અંતર્ગત એજ્યુકેશન એકઝીબિશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સ્ટોલ રાખવામાં આવ્યા છે, જેમાં યુનિવર્સિટીના વિવિધ પ્રોજેક્ટ સહિતની માહિતી આપતા પ્રદર્શન ગોઠવવામાં આવ્યાં છે. ઉપરાંત, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ihub, ssip, gks અંતર્ગત વિવિધ સ્ટાર્ટઅપને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ૮ બુથ ઉભા કરવામાં આવ્યા છે, જે અંતર્ગત દર ૩ દિવસે અલગ-અલગ સ્ટાર્ટઅપ્સની પ્રોડક્ટનું નિદર્શન અને વેચાણ હાથ ધરાશે. એમ કુલ ૨૦થી વધુ સ્ટાર્ટ અપ અહી પ્રદર્શન અને વેચાણ માટે આવશે. આ તમામ સ્ટાર્ટ અપ શિક્ષણ વિભાગની સ્ટાર્ટઅપ પોલિસી અંતર્ગત વિવિધ સહાય મેળવેલ સફળ સ્ટાર્ટઅપ છે. આ ઉપરાંત એજ્યુકેશન એક્સપોમાં આવેલ તમિલ અને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી, આઈ હબ અને ગુજરાતનોલેજ સોસાયટી અંતર્ગત મળતી સહાય અંગે માર્ગદર્શન પુરૂ પાડતો સ્ટોલ પણ આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ માહિતગાર થઈ સ્ટાર્ટ અપ માટે પ્રેરણા મેળવશે.

# સચાદ્રિની પર્વત માળાના ડાંગે નર્મદાની પરિક્રમા કરી



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ


વિશ્વની એક માત્ર ભારતની એક જ મા નર્માદાની પરિક્રમા વિવિધ સ્વરૂપે થાય છે. શાસ્ત્રીય રીતે ૩ વર્ષ, ૩ માસ ને ૧૩ દિવસમાં ૩૩૦૦ કી.મી.ની પરિક્રમા કરાય છે.

તેમાં પણ ચૈત્ર માસમાં એક દિવસીય, આખો માસના ૩૦ દિવસ, કોઈ પણ દિવસે, રાતે ૨૪ કલાક માંથી ૬ થી ૮ કલાકની ઉત્તારવાહીની પાંચક્રોશી મા નર્મદાની ૧૬ કી.મી.ની પરિક્રમા કરાય. શાસ્ત્રીય મુજબ આખી નર્મદા ની પરિક્રમાકરવાનું પુણ્ય મળે છે ચૈત્ર માસની તેરસે તા.૧૮મી એપ્રિલે ડાંગ આહવાના જુમગ્રાફીક અને નવસારી ડાંગના સંઘના જીલ્લા સેવા પ્રમુખ શ્રી નવનાથ સેલર, ડાંગ જીલ્લા સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના પ્રમુખ શ્રી નકુલભાઈ જાદવ, આહવા વધઈ તાલુકા સંઘ પ્રચારક શ્રી નેહલભાઈ બુરાસીયા, ડાંગ આહવા નિવૃત્ત ગ્રંથપાલ શ્રી દત્તાત્રેય મોરે સાથે ગીતાંજલી શાળાના ધો. ૩નો વિધાર્થી શ્રી દેવમ સેલર સહિત આ પરિક્રમાના આયોજક ડો. જીગરભાઈ ઈનામદાર, જેઓ વડોદરાના યુનિ.ના સોનેટ સભ્ય પણ છે.

તેમના માર્ગદર્શન હેઠળ ડાંગની પરિક્રમાની ટીમ.. પ્રથમ વખત પરિક્રમા કરી. ડાંગની આ ટીમે રાત્રી જાગરણ કરી મધ્યે રાતે એક દિવસની ૧૬ કી.મી.ની પંચક્રોશી પરિક્રમા પ્રથમ વખત સફળતા પુર્વક રાતે ૨ થી સવારે ૬ વાગે ૪ કલાકમાં પૂર્ણ કરી.

# કેળ ગામના આંખની ઉણપ ધરાવતા ૮ વર્ષીય બાળકનુ સફળ ઓપરેશન

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત પેટોસિસની બિમારીનુ સફળ ઓપરેશન કરાયુ



કમલમ્ ન્યુઝ,આહવા

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) અંતર્ગત ચાલતા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન પેટોસિસની બિમારી ધરાવનાર સુબિર તાલુકાના કેળ ગામના ૮ વર્ષીય બાળકનુ સફળ ઓપરેશન કરવામા આવ્યુ છે. પેટોસિસ, જે આંખની સ્થિતીમા ફેરફાર કરી આંખોને નીચી બનાવે છે. દ્રષ્ટિ અને આંખના સ્નાયુઓને અવરોધે છે. જો કે, પેટોસિસની સારવાર સરળ છે. પેટોસિસને સામાન્ય વ્યક્તિની ભાષામા ડ્રોપી પોપચાની સ્થિતિ તરીકે પણ ઓળખવામા આવે છે. કારણ એ છે કે પેટોસિસમા, ઉપલા પોપચા ધીમે ધીમે નીચે ઝૂકવા લાગે છે. તે થોડુ ઝૂકવાથી શરૂ થાય છે. જે આંખને સંપૂર્ણ રીતે ઢાંકી શકે છે. અમુક દુર્લભ કિસ્સાઓમા, તે કુદરતી રીતે ઉકેલાઈ જાય છે. પરંતુ આ માટે યોગ્ય તબીબી સારવાર જરૂરી છે. ઝુકેલી આંખોને કારણે આંખ ઝબકાવવુ મુશ્કેલ બને છે. આંખો ફાડવા લાગે છે. આંખો અંધકારમય અને તણાવ અનુભવવા લાગે છે. દ્રષ્ટિમા અવરોધ આવી શકે છે. યોગ્ય દ્રષ્ટિનો અભાવ પણ માથાનો દુખાવો અને ચક્કરનુ કારણ બની શકે છે. આવી લાચારી ધરાવતી પેટોસિસની ગંભીર બિમારી ધરાવનાર બાળક, ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના કેળ ગામમા RBSK ટીમને શાળા તપાસ દરમિયાન મળી આવ્યુ હતુ. ડૉ અંકિત ગરાસિયા તેમજ તેમની ટીમ દ્વારા આ બાળકને (RBSK) રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ ખાતે આંખની હોસ્પિટલમા સફળ ઓપરેશનમા કરવામા આવ્યુ હતુ. બાળકના ઓપરેશન બાદ RBSK ટીમ દ્વારા બાળકની હોમ વિઝીટ કરવામા આવી હતી. તેમજ બાળકને સાચવવા અંગેની સમજુતી આપવામા આવી હતી. સરકારશ્રીના શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમે અંતરિયાળ વિસ્તારમા માનવતાની મહેક પ્રસરાવી છે. આ માટે ડો. રૂજાતા પટેલ, એફ.એચ.ડબલ્યુ દક્ષાબેન, પેરામિસ્ટીક મહેન્દ્રભાઈ લોકોએ જહેમત ઉઠાવી હતી.

## જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કુકમા ખાતે આશા બહેનો માટે બેઠક યોજાઈ



કમલમ્ ન્યુઝ,ભુજ,

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.આર.આર.ફૂલમાળી ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કચ્છ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્તન પરિવર્તનની આશા બહેનો માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું . જે અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકમા મધ્યે આશા ફેસિલેટર અને આશા બહેનોની SBCC ટીમ ભુજ દ્વારા મિટીંગ યોજવામાં આવી હતી. શરૂઆતમાં સુપરવાઈઝર ધારશીભાઇ ભાનુસાલીએ પરિચય અને મિટિંગની વિશેની જાણકારી આપી હતી. જિલ્લામાંથી આવેલા DIECO શ્રી વી. ડી. ઠક્કરે બાળકના જન્મ પછી એક કલાકમાં માતાના ધાવણના ફાયદા અને મેલેરિયા, PMJAY વિશે વિગતવાર માહિતગાર કર્યા હતા. DSBCC શ્રી ઈસ્માઈલ સમાએ સામાજીક વર્તન પરિવર્તન SBCC વિશે વિગતવાર ચર્ચા કરી હતી . સાથે વાર્તાઓ અને સત્ય ઘટનાઓ ટીવીમાં બતાવીને ક્રોધના કેવા પરિણામ આવી શકે એ સમજ આપી હતી. FHS હેતલબેન દ્વારા રસીકરણ વિશે, ઓરીના લક્ષણો તેમજ વિટામીન- એ પીવડાવવા માટે સમજણ આપી હતી. અર્લી સગર્ભા નોંધણી, જોખમી માતાની મુલાકાત, HBNC વિઝીટ રેગ્યુલર લેવા માટે સમજ આપી હતી. મિટિંગમાં કુકમા PHC ના મેડિકલ ઓફિસરશ્રી ડૉ.પ્રિન્સ ફેફર, PHCના RBSK ટીમના સભ્યોતેમજ આયુષડૉ.ધારાબેન, MPHS, FHS,FHW, આશા બહેનો, ્બેન તમામને SBCCના સભ્યોએ જરૂરી માર્ગદર્શન તેમજ સમજ આપી હતી. આરોગ્ય શિક્ષણ ઓફિસર IEC યુટ્યુબ ચેનલ વિશે સૌને અવગત કરાવ્યા હતા.

